**Subject Code : SSM-1**

**વિષય : ગુજરાતી (પ્રશ્નપત્ર-1)**

કુલ ગુણ : **200** | સમય : **3** કલાક

સૂચના : જમણી તરફ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

---

પ્ર.-1. નીચે આપેલા ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ એક મુદ્દા પર 250 થી 300 શબ્દોમાં નિબંધ લખો. **(20)**

1. નારી સશક્તિકરણમાં સમાજની ભૂમિકા
2. વર્ષાજળ સંગ્રહ માટે પારંપરિક પદ્ધતિઓનું વૈજ્ઞાનિક મહત્વ
3. વીજાણુ માધ્યમોની સામાજિક જવાબદારી

પ્ર.-2. નીચે આપેલા ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ બે કાવ્યપંક્તિઓનો આશરે સો (100) શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (10 x 2 = 20 ગુણ) **(20)**

1. એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
   મૂક્યાં ડુંગર ને નદી, વતનના એ કોતરો, ખેતર... – જયંત પાઠક
2. જાણે વિધાતાનાં દુંદુભિ ગગડ્યાં, જાણે કાળનાં મહાપૂર અથડાયાં,
   કુરૂક્ષેત્રની ત્રિકાળઘોર મંડાણતિથિએ સેનાના મેઘ મહામેઘ શું પછડાયા. – ન્હાનાલાલ
3. સવારના તડકે ભોળપણમાં સીમના થોરની વાડને બાથ ભરી લીધી,
   અને એનાં રૂંવેરૂંવાં છેદાઈ ગયા. ઝીણાં તીણાં લોહિયાળ દાંતે કાંટા હસ્યા. – ગુલામ મોહમદ શેખ

પ્ર.-3. નીચે આપેલ ગદ્યખંડનો (175 શબ્દો) મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ 1/3 ભાગમાં સંક્ષેપ કરો. **(15)**

સંવેદનશીલ માણસોને લાગણીના પ્રવાહમાં તણાઈને મોટી ભૂલો કરતાં આપણે જોયા છે. માણસ કેવળ કુટુંબીજન કે વ્યક્તિ જ નથી, એ નાગરિક છે. વળી તેને કેવળ હૃદય જ નથી, બુદ્ધિ પણ છે. આ બુદ્ધિને તેણે વિવેકપૂર્વક વાપરવાની ટેવ પણ પાડવી જોઈએ. વર્તમાન જગતનું એક સમસ્યાચક્ર છે કે તેના પ્રશ્નો અને ઉકેલો જટિલ અને વિશેષજ્ઞો પર જ આધારિત થતા જાય છે. આર્થિક રચનાનું આ મુખ્ય લક્ષણ છે. તજજ્ઞ લોકો અને તજજ્ઞ વર્તુળના સંઘટિત આયોજન પર જ બૃહત સમાજની સુરક્ષા અને સુખમયતાનો આધાર છે અને છતાં તેવી જ બીજી રાજકીય હકીકત એ છે કે સામાન્યજનના મત એટલે કે રૂચિ-ઈચ્છા પ્રમાણે આ સમાજનું સંચાલન કરવાનું છે. એક રીતે આર્થિક અને રાજકીય હકીકતો વચ્ચેનો આ જબ્બર વિરોધ છે. આ વિરોધનો મેળ વિશિષ્ટ જ્ઞાનનું પ્રસંગે પ્રસંગે સાધારણીકરણ થયા કરે છે તેમાં છે. આથી સામાન્ય નાગરિક વિશેષજ્ઞના હેતુ, આયોજન પદ્ધતિ બધાં વિષે કાંઈક કહેવાનો અધિકારી બને છે. રાજકીય જીવનના પાયાના ઘટક તરીકે એ મતદાનો વખતે, પક્ષોની પસંદગીમાં, સરકારી શ્વેતપત્રોને મૂલવવામાં તેમ જ સ્થાનિક કે કેન્દ્રની ચૂંટણીની ચર્ચાઓમાં તે વિવેકયુક્ત અસર નીપજાવી શકે તેવો સંભવ છે. ઈંગ્લેન્ડની લોકશાહી એકંદરે સમધારણ રીતે, ઉત્પાતોમાં પણ અચલભાવે ટકી રહી છે તેના મૂળમાં ત્યાનાં નાગરિકનું સમયાનુકૂલ પ્રૌઢશિક્ષણ મહાજનોના હાથે થતું રહ્યું છે તે લાગે છે.

(વાગીશ્વરીનાં કર્ણફૂલો, મનુભાઈ પંચોળી 'દર્શક', પૃ. 99-100, ગુ.સા. અકાદમી, પ્ર.આ. 2009)

પ્ર.-4. નીચે આપેલા ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તર આપો. (3 x 5 = 15 ગુણ) **(15)**

જેઓ પ્રજાના ઈતિહાસમાં રાજકીય સ્થિતિને પ્રાધાન્ય આપે છે એમની દલીલ તો સ્પષ્ટ છે. રાજ્યની સત્તા, પ્રજાની સત્તા, મંત્રીની સત્તા, રાજ્યના કાયદા, રાજ્યનો આશ્રય, રાજ્યનો પ્રતિબંધ તેમ જ પરરાજ્ય સાથે સંધિવિગ્રહ વગેરેને લઈ ઉત્પન્ન થતી સ્થિતિ ઈત્યાદિ બાબતો દેશના જીવન ઉપર પ્રબળ અસર કરે છે એની કોઈથી ના પડાશે નહીં. દ્રવ્યની ઉત્પત્તિ અને વિનિમય રાજ્યના છત્ર નીચે અને રાજ્યના કાયદા મુજબ થાય છે. રાજ્યવહીવટમાં ભાગ લેતી પ્રજા સ્વાતંત્ર્ય અને સ્વાત્મમાનની વૃત્તિ સમજે છે. પ્રજાના જીવન સાથે રાજ્યનો સંબંધ ઉઘાડો છે. પ્રજાના જીવનમાં રાજકીય સ્થિતિના મહિમાની વાત ઠીક છે પણ વસ્તુતઃ રાજકીય બળ પણ ધન વિના નકામું છે. આ રીતે આજના આ યુગમાં આર્થિક સ્થિતિ એ રાજકીય સ્થિતિનો પ્રાણ અને ચાલકબળ છે. જગતનો ઈતિહાસ ઘડવામાં આ આર્થિક શક્તિ એક

મહાન બળ છે એમ કહેવામાં લેશ પણ અત્યુક્તિ નથી. પણ સાથે એ જોવું પણ જરૂરી છે કે ભૌતિક વિદ્યાઓ અને માનવીય વિદ્યાઓનો સંતુલિત અભ્યાસ જગતના સ્વાસ્થ્ય અને સંવાદિતા માટે અનિવાર્ય છે. નહિ તો જીવનમાં એકાંગિતા સર્જાશે. મનુષ્યે સુખ અને સમજણની સમાનપણે ઉપાસના કરવાની છે. ભારતીય શિક્ષણરચનામાં આ આજે પુનઃસ્થાપિત થયું છે એ નોંધપાત્ર છે. હરેક કેળવણી વ્યવસ્થાએ એના સામાજિક કોયડાના ઉકેલ શોધવાની તાકાત આપવી જોઈએ તો જ એ કેળવણી પ્રસ્તુત અને આવકાર્ય ગણાય. વિદ્યાર્થી વૈશ્વિક દૃષ્ટિ પામેલો હોવો જોઈએ અને જીવનનાં પાયાનાં તથા પોષક તત્ત્વો અંગે તદ્દન સ્પષ્ટ અને શ્રદ્ધાવાન હોવો જોઈએ. સમાજ-અનુબંધિત કેળવણી જ સાચી કેળવણી છે. જે કેળવણી પોતાના જીવતા જીવનથી કપાઈ જાય છે તે બહારથી ગમે તેટલી રૂડીરૂપાળી લાગતી હોય તો પણ વ્યર્થ વિદ્યા છે. એ લેનાર વિદ્યાર્થી સ્વહિત બુદ્ધિથી ગ્રસિત થઈ જાય છે. સાહિત્ય, કેળવણી, ધર્મ-તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજગતિશાસ્ત્ર, રાષ્ટ્રવાદ અને ગાંધીવિચાર, રાજનીતિના તત્ત્વજ્ઞાનનો વિકાસ, સહકાર-પંચાયત અને ખેતી-ગોપાલનનું ગંભીર અને ઉત્કટ અધ્યયન-મનન-પરિશીલન પ્રજાના સર્વાંગી ઘડતર માટે અનિવાર્ય છે.

(ઈતિહાસ, સમાજવિચાર તથા અન્ય, આનંદશંકર ધ્રુવ, પૃ.૫/૬, ગુ.સા.અકાદમી, 2002)

પ્રશ્નો :

(1) લેખક કઈ તાકાતને મહાન ગણાવે છે ?

(2) કઈ પ્રવૃત્તિ રાજ્યના કાનૂનસંમત છે ?

(3) લેખક નિરર્થક કેળવણી કોને ગણાવે છે ?

(4) રાજકીય સ્થિતિને ચલાવનર પરિબળ તરીકેનું સ્થાન લેખકના મતે કોનું છે ?

(5) શિક્ષણે શેની શક્તિ આપવી જોઈએ ?

પ્ર.-5. ટોકિયો ઓલિમ્પિક્સમાં ભાલાફેંકમાં સ્વર્ણપદક મેળવનાર નીરજ ચોપરા શહેરની મુલાકાતે આવવાના હોવાથી એમના સ્વાગતમાં કલેક્ટરશ્રીએ આપવાનું સ્વાગત પ્રવચન તૈયાર કરો. (આશરે 150 શબ્દો) (10)

પ્ર.-6. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ આપના શહેરમાં થઈ રહ્યો છે જેમાં મુખ્યમંત્રીશ્રી હાજરી આપશે અને અન્ય કેન્દ્રીય મંત્રીશ્રીઓ ઓનલાઈન જોડાશે. આ કાર્યક્રમ અંગેની પત્રકાર પરિષદ માટે સંબોધન તૈયાર કરો. (આશરે 150 શબ્દો) (10)

પ્ર.-7. દરેક શાળા-કોલેજમાં નવી શિક્ષણનીતિના સંક્ષિપ્ત ગુજરાતી અનુવાદની પુસ્તિકાનું નિઃશુલ્ક વિતરણ કરવાનો એક પ્રકલ્પ શિક્ષકદિને યોજાઈ રહ્યો છે એની વિસ્તૃત વિગતો આપતું એક નિવેદન પ્રસાર માધ્યમો માટે તૈયાર કરો. (આશરે 100 શબ્દો) (10)

પ્ર.-8. 'તાઉતે' વાવાઝોડા પછી તમારા વિસ્તારમાં થયેલા વ્યાપક નુકસાનનો સર્વે કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રીને રજૂઆત કરતો મુદ્દાસર પત્ર લખો. (આશરે 100 શબ્દો) (10)

પ્ર.-9. કોરોનાના સમયમાં અનવરત સેવા આપનાર સ્વાસ્થ્યકર્મીઓના નાગરિક અભિવાદન માટે તમારા શહેરની તમામ સંસ્થાઓ, દાનવીરો અને આગેવાનોને અક મંચ પર આવવાની જરૂરિયાત અંગેનું ચર્ચાપત્ર લખો. (આશરે 150 શબ્દો) (10)

પ્ર.-10. તમારા જિલ્લાના સમુદ્રકિનારાની સફાઈ, જાળવણી અને જાગૃતિ માટે એક સાત દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવા માટે મેરીટાઈમ બોર્ડનો સહયોગ અને મંજૂરી માંગતી અરજી બોર્ડના ચેરમેનશ્રીને સંબોધીને લખો. (આશરે 150 શબ્દો) (15)

પ્ર.-11. સોશિયલ મીડિયા અંગેની નવી નીતિઓની સમજણ અને જાગરૂકતા માટે કેન્દ્ર સરકાર દ્વારા દિલ્લી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કાર્યશિબિરમાં ભાગ લીધા અંગેનો અહેવાલ તૈયાર કરો. (આશરે 150 શબ્દો) (15)

પ્ર.-12. જૈવિક ખેતી અને રાસાયણિક ખાતરના ઉપયોગના લાભાલાભ વિશે કૃષિવિજ્ઞાનીઓ અને કિસાન સહકારી સંઘો VACHXCHE વચ્ચે થયેલ સાર્થક ચર્ચાને આધારે સંવાદલેખન કરો. (આશરે 150 શબ્દો) (10)

પ્ર.-13. નીચે આપેલા અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતી ભાવાનુવાદ કરો. (20)

**Education Policy lays particular emphasis on the development of the creative potential of each individual. It is based on the principle that education must develop not only cognitive capacities -both the 'foundational capacities 'of literacy and numeracy and 'higher-order' cognitive capacities, such as critical thinking and problem solving - but also social, ethical, and emotional capacities and dispositions**

**The rich heritage of ancient and eternal Indian knowledge and thought has been a guiding light for this Policy. The pursuit of knowledge (Jnan), wisdom (Pragyaa), and truth (Satya) was always considered in Indian thought and philosophy as the highest human goal. The aim of education in ancient India was not just the acquisition of knowledge as preparation for life in this world, or life beyond schooling, but for the complete realization and liberation of the self. World-class institutions of ancient India such as Takshashila, Nalanda,Vikramshila, Vallabhi, set the highest standards of multidisciplinary teaching and research and hosted scholars and students from across backgrounds and countries. The Indian education system produced great scholars such as Charaka, Susruta, Aryabhata, Varahamihira, Bhaskaracharya, Brahmagupta, Chanakya, Chakrapani Datta, Madhava, Panini, Patanjali, Nagarjuna, Gautama, Pingala, Sankardev, Maitreyi, Gargi and Thiruvalluvar, among numerous others, who made seminal contributions to world knowledge in diverse fields such as mathematics, astronomy, metallurgy, medical science and surgery, civil engineering, architecture, shipbuilding and navigation, yoga, fine arts, chess, and more. Indian culture and philosophy have had a strong influence on the world. These rich legacies to world heritage must not only be nurtured and preserved for posterity but also researched, enhanced, and put to new uses through our education system.**

**The teacher must be at the centre of the fundamental reforms in the education system. The new education policy must help re-establish teachers, at all levels, as the most respected and essential members of our society, because they truly shape our next generation of citizens.**

**(https://www.education.gov.in/sites/upload_Jiles/mhrd/files/NEP_Final_English_0.pdf)**

પ્ર.-14. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. **(20)**

**14.1** નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

**14.1.1** હોઠ ભીડવા

**14.1.2** મોથ મારવી

**14.2** નીચે આપેલી કહેવતનો અર્થ આપો.

**14.2.1** બુંદની બગડી તે હોજથી ન સુધરે.

**14.2.2** જર ગયો ને જેબ ગયો

**14.3** સમાસનો વિગ્રહ કરી ઓળખ આપો.

**14.3.1** વિધવા

**14.3.2** રડાપીટ

**14.4** નીચેના છંદનું વિષયક પ્રશ્નોના ઉત્તર આપો.

**14.4.1** તોટક છંદનું ઉદારણ લખો.

**14.4.2** 'તેણે ખુશી, વેણે ખુશી, હાલે ખુશી, ચાલે ખુશી' - છંદ ઓળખાવો.

**14.5** નીચેની પંક્તિનો અલંકાર ઓળખાવો.

**14.5.1** એનું હતું હૃદય કામ વિશે ડૂબેલું

**14.5.2** ઉપાન રેણુએ અભ્ર છાયો, જેજન કોટાકોટ

14.6 શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

14.6.1 બન્ને બાજુને જોડનાર

14.6.2 મુશ્કેલીથી ત્યજાય એવું

14.7 શબ્દોની જોડણી સુધારો

14.7.1 શીરસ્સત્ર

14.7.2 મૂર્હુત

14.8 નીચેના શબ્દોની સંધિ છોડો અને જોડો.

14.8.1 સંપત્તિ

14.8.2 સત્ + શીલ

14.9 નીચેના વિધાનોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારો.

14.9.1 તદન નાના બાળકોનાં રુમમા અમે પહેલા ગયા

14.9.2 અગરૂદિપ ગૂલાલ કુંકૂમ કૂસુમ વિગેરે ધરવાનુ કવી કહે છે

14.10 વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

14.10.1 ક્રિયાતિપત્તિ અર્થમાં ફેરવો - વાદળાં થયાં વરસાદ પડ્યો.

14.10.2 આજ્ઞાર્થ વિધાન બનાવો - રમેશ નિશાળે જાય છે.

●

## Subject Code : SSM-2

## Subject : English (Paper-2)

**Total Marks : 200** સૂચના : જમણી બાજુના આંકડા પ્રશ્નના ગુણ દર્શાવે છે. **Time : 3 Hours**

**Q-1.** **Write an essay on any one of the following in 200 to 250 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well argued piece of writing coherently and sequentially with observance of grammar rules.** **(20)**

i. **Sixty - five percent of the tuberculosis cases are in 15-45 age groups in India; this age group is considered as most economically productive population segment, in this context discuss the effectiveness of 'National Tuberculosis Elimination Programme' of our country.**

ii. **Celebrations of' Azadi Ka Amrit Mahotsav' to commemorate 75 years of Independence of India.**

iii. **Biomedical Waste Treatment Innovation Challenge around the Globe.**

iv. **'Turning around the Power Distribution Sector' reform pathways to transform India's power distribution sector.**

v. **Philosophy the Mother of all Sciences.**

**Q-2.** **Imagine that you are an officer on special duty at National Technical Advisory Group on Immunization (NTAGI). According to a notification of Central government, RT-PCR report is not mandatory for the people who have received both doses of covid-19 vaccines to travel across states. To bring awareness among public about this notification your senior officer has sought your opinion. Write a letter to your senior officer giving your opinion in about 150 words.** **(15)**

**Q-3.** **Department of Science & Technology, Government of Gujarat is hosting International conference on 'Promotion of Research and Innovation through Data Exchange'. Draft lucid and systematic press release about the commencement of conference in about 200 words.** **(20)**

**Q-4.** **As a social worker of your area in about 100 words write a letter to the editor of the newspaper about the hazards of flood in your area and condition of needy people in the flood affected area.** **(15)**

**Q-5.** **Your University very successfully executed the message of Culture Ministry inviting people to upload their videos singing national anthem on www.RASHTRAGAAN.IN. For the above execution university conducted various drives, as the deputy registrar of the University write a report about it in about 150 words.** **(20)**

**Q-6.** **In about 150 words write a dialogue between you and your friend discussing the event when Honorable Prime Minister Narendra Modi invited India's Olympic contingent as special guests at the Red Fort on August 15 while delivering his eighth Independence Day speech.** **(15)**

**Q-7.** **PV Sindhu, a 26-year-old badminton player, has become first Indian woman to win two Olympic medals after defeating 'He Bingjiao' of China. Sindhu defeated 'He Bingjiao' by 21-13, 21-15 in women's singles bronze medal match at Tokyo Olympics 2020. She is the first Indian woman to win Olympic silver. Banasthali Vidyapith, the residential university for women is organizing felicitation program honoring Sindhu as daughter and pride of our Nation. In about 150 words draft an inaugural address to be delivered on this occasion by Honorable Minister of Women and Child Development, the Union Cabinet of India.** **(15)**

**Q-8.** **Write a precis of the following passage in about one third of its original length.** **(20)**

If you think it is important to know about yourself only because I or someone else has told you it is important, then I am afraid all communication between us comes to an end. But if we agree that it is vital that we understand ourselves completely, then you and I have quite a different relationship, then we can explore together with a happy, careful and intelligent enquiry. I do not demand your faith; I am not setting myself up as an authority. I have nothing to teach you - no new philosophy, no new system, no new path to reality; there is no path to reality any more than to truth. All authority of any kind, especially in the field of thought and understanding, is the most destructive, evil thing. Leaders destroy the followers and followers destroy the leaders. You have to be your own teacher and your own disciple. You have to question everything that man has accepted as valuable, as necessary. If you do not follow somebody you feel very lonely. Be lonely then. Why are you frightened of being alone? Because you are faced with yourself as you are and you find that you are empty, dull, stupid, ugly, guilty and anxious - a petty, shoddy, secondhand entity. Face the fact; look at it, do not run away from it. The moment you run away fear begins. In enquiring into ourselves we are not isolating ourselves from the rest of the world. It is not an unhealthy process. Man throughout the world is caught up in the same daily problems as ourselves, so in enquiring into ourselves we are not being in the least neurotic because there is no difference between the individual and the collective. That is an actual fact. I have created the world as I am. So don't let us get lost in this battle between the part and the whole. I must become aware of the total field of my own self, which is the consciousness of the individual and of society. It is only then, when the mind goes beyond this individual and social consciousness, that I can become a light to myself that never goes out.

(From: Krishnamurti's *Freedom From The Known),* (366 words).

**Q-9.** **Read the following passage carefully and answer the questions that follow.** **(20)**

Boxing matches were very popular in England two hundred years ago. In those days, boxers fought with bare fists for prize money. Because of this, they were known as 'prize fighters'. However the boxing was very crude, for there were no rules and the prize fighter could be seriously injured or even killed during a match. One of the most colorful figures in the boxing history was Daniel Mendoza who was born in 1764. The use of gloves was not introduced until 1860 when the Marquis of Queensberry drew up the first set of rules. Though he was technically a prize - fighter, Mendoza did much to change crude prize fighting into a sport, for he brought science to the game, in his day. Mendoza enjoyed tremendous popularity. He was adored by rich and poor alike. Mendoza rose to fame swiftly after a boxing - match when he was only fourteen years old. This attracted the attention of Richard Humphries who was then the most eminent boxer in England. He offered to train Mendoza and his young pupil was quick to learn. In fact, Mendoza soon became successful that turned Humphries against him. The two men quarreled bitterly and it was clear that the argument could only be settled by a fight. A match was held at Stilton where both men fought for an hour. The public bet a great deal of money on Mendoza, but he was defeated. Mendoza met Humphries in the ring on a later occasion and he lost for second time. It was not until his third match in 1790, that he finally beat Humphries and became Champion of England. Meanwhile, he founded a highly successful Academy and even Lord Byron became one of his pupils. He earned enormous sums of money and was paid as much as £ 100 for a single appearance. Despite this, he was so extravagant that he was always in debt. After he was defeated by a boxer called Gentleman Jackson, he was quickly forgotten. He was sent to prison for failing to pay his debts and died in poverty in 1836.

**Questions**

1. Why were boxers known as prize fighters two hundred years ago?

   (A) Boxing matches were very popular in England two hundred years ago. In those days, boxers fought with bare fists for prize money. Because of this, they were known as 'fighters'.

   (B) Boxing matches were very popular in England two hundred years ago. In those days they fought for some money. This made them known as 'prizefighter'.

   (C) Boxing matches were very popular in England hundred years ago. In those days they fought for prices. Because of this, they were known as 'price fighters'.

   (D) Boxing matches were very popular in England two hundred years ago. In those days, boxers fought with bare fists for prize money. Because of this, they were known as 'prize fighters'.

2. Boxing was very crude

   (A) as boxers fought with bare fists. (B) as it was for prize fight

   (C) for there were no rules (D) for there were serious injuries

3. Fighter could be seriously

   (A) injured or killed during the match.

   (B) hurt during the match

   (C) defeated or killed during the match

   (D) very crude during the match

4. Who was technically a prize -fighter?

   (A) Marquis (B) Byron

   (C) Mendoza (D) Richards

5. _______ offered to train _______, _______became one of the pupils of

   (A) Humphries Richard, Lord Byron, Daniel Mendoza, Gentleman Jackson

   (B) Richard Humphries, Daniel Mendoza, Lord Byron, Daniel Mendoza

   (C) Marquis Queensberry, Daniel Mendoza, Lord Byron, Daniel Mendoza

   (D) Daniel Mendoza, Marquis Queensberry, Gentleman Jackson, Mendoza

6. Give the name of one of the most colorful figures in boxing history.
7. When was the use of gloves introduced and who drew up the first set of boxing rules?
8. Who did much to change crude prize fighting into a sport and how?
9. When and at what age Mendoza rose to fame? Who adored him?
10. Who was Richard Humphries? And what turned Humphries against Mendoza?
11. Which two men quarreled bitterly and how the argument could be settled?
12. What happened at Stilton? State finally how Mendoza became Champion of England?
13. What did Mendoza establish after becoming Champion of England?
14. For what was Mendoza paid £ 100?
15. Why was Mendoza always in debt?
16. When was Mendoza forgotten and why was he sent to prison?
17. At what age did Mendoza die?
18. Give synonym of *crude.*
19. Give antonym *of extravagant.*
20. Give suitable title to the passage.

**Do as directed :**

**Q-10.** **Choose the correct answer from the given options and darken the circle ● as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per the sample given below. (1 x 20 = 20 Marks)** **(20)**

**Sample Answer : ( C )** A ○ B ○ C ● D ○

1. It's _______. We _______ for a while. ( Fill in the blanks choosing correct intransitive and linking verbs)

   (A) rain, are getting lost (B) rains, get lost

   (C) raining, are losting (D) raining, got lost

2. The grass _______ cutting. Does this shirt _______ washing. (Fill in the blanks choosing correct modal verbs)

   (A) needs, needing (B) needing, needed

   (C) needs, need (D) need, needs

3. The prisoner escaped from the _______. At last he achieved his _______. He gave out _______ secrets. _______ people are generally disliked. (Fill in the blanks choosing the correct option to make meaningful sentences)

   (A) goal, gaol, official, officious (B) gaol, goal, official, officious

   (C) goal, goal, officious, official (D) gole, goal, officious, official

4. Identify the sentence with correct use of prepositional verbs.

   (A) Do you get on with your neighbors? Can you look after Lauren this evening.

   (B) Do you getting on with your neighbors? Can you look after Lauren this evening.

   (C) Do you got on with your neighbors? Can you look on after Lauren this evening.

   (D) Do you getting on with your neighbors? Can you look-in after Lauren this evening.

5. I _______ (skiing) down that run that goes past the snow park; I'd just (pass) the park, and these snowboarders _______ (cut) right in front of me; one of them literally _______ (go) over my skis. It _______ (was) a miracle that no one (was) hurt. (Use appropriate forms of verbs in the narrative.)

   (A) skied, passed, cutting, went on, is, was

   (B) had skiing, pass, cut, went, was, is

   (C) was skiing, passing, cut, went, was, was

   (D) was skiing, passed, cut, went, was, was

6. Which one of the following is incorrect?

   (A) Eat Ate eaten

   (B) See Saw seen

   (C) choose choice chosen

   (D) wear wore worn

7. Following sentences are with substitution of verbs. Identify the incorrect sentence with missing substitution

(A) David arrived ten minutes before I did.

(B) He promised he'd call this afternoon but he hasn't done so yet.

(C) Is it going to rain? I hope not

(D) I don't speak French but my wife speaks.

8. Identify the correct sentence with suitable use of gerund

(A) He denied have breaking the window.

(B) I am regretting not gone the partying.

(C) Do you mind my borrowing your dictionary?

(D) I can't stand people talk loud in public.

9. Identify the use of adjective with complimentary implication.

(A) Consummate artistry at the key board

(B) Egregious error

(C) Inveterate smoker

(D) Notorious philanderer

10. Identify the word with incorrect meaning

(A) Great misfortune - disaster

(B) Metronome - instrument to measure musical time

(C) Aster - star shaped fish

(D) Cosmonaut- sailor of the universe

11. We _______ the car for 6 months before we discovered it was stolen. (Fill in the blanks with past perfect continuous)

(A) had owned (B) had being owning

(C) had own (D) had been owning

12. Identify the sentence with correct use of determiner

(A) She's going on holiday with any of friends in August.

(B) I hope there wasn't some of damage on your car.

(C) There can hardly be some doubting that he is the best tennis player in the world.

(D) Do you have any better ideas?

13. Identify the sentence with incorrect use of article

(A) She was a company director when she retired.

(B) English has become one international language.

(C) He was a most peculiar looking man.

(D) Sidney is a beautiful city.

14. Identify the sentence with correct use of idiom

(A) He's *topper of the hill.* He ought to make way for younger man.

(B) Don't try *to snatch my eye.* I know what you really want.

(C) The children were *getting inside my feet.* So I sent them outside to play.

(D) I'm *feeling bit under the weather* at the moment, but I am sure I'll be okay.

15. I may consider your plan, _______ I may disregard it. I do not seek position _______ do I want it. (Fill in the blanks with appropriate conjunctions)

(A) or, nor (B) ___, neither

(C) and, nor (D) else, nor

16. The mason is building the wall. The peon opened the gate. (Change the voice)

(A) The wall is been built by the mason. The gate is being opened.

(B) The wall is being built by the mason. The gate was opened by the peon.

(C) The wall being build by the mason. The being opened by the peon.

(D) The wall has been built by the mason. The gate opened by the peon.

17. By whom was this done? Why was such a letter written by your brother? (Change the voice)

(A) Who did this? Why did your brother write such a letter?

(B) Who did this? Why brother has been writing such a letter?

(C) Who has been doing this? Why brother has been writing such a letter?

(D) Who has done this? Why does your brother write such a letter?

18. The king said to his minister, "Are these my brave heroes?' (Change the narration)

(A) The king asked his minister if those were his brave heroes.

(B) The king said to ministers if those were brave heroes.

(C) The king inquired to ministers if those were brave heroes.

(D) The king asked to ministers if that were his brave heroes.

19. Shylock exclaimed with admiration that a Daniel had come to judgment and he greatly honoured the wise young judge. (Change the narration)

(A) Shylock admired , "A Daniel came to judgment, O wise young judge, how I honour thee !"

(B) Shylock said , "A Daniel came to judgment, O wise young judge, how I do honour thee !"

(C) Shylock says , "A Daniel comes to judgment, O wise young judge, how I do honour thee !"

(D) Shylock declared , "A Daniel came to judgment, O wise young judge, how I do honour thee!"

20. Observe the following phrasal verbs and their meanings pick the incorrect pair

(A) get behind - lag behind (B) set aside - reserve, ignore

(C) taken in - misunderstand (D) bring on - cause to start

**Q-11. Translate the following passage from Gujarati into English** **(20)**

નિર્ણય કરવાની જવાબદારી એમના સૌથી વધુ વ્યવહારદક્ષ સાથી સરદાર પટેલને સોંપી. આખા ગુજરાતમાં આંટો મારી અનેક સાથીઓની સલાહ લઈ સરદારે છેવટે એ પસંદગી પોતાની જન્મભૂમિના જિલ્લાને બદલે પોતાની કર્મભૂમિના જિલ્લા સુરત પર ઉતારી. કૂચ જેમ આગળ વધી તેમ લોકોને સમજાયું કે એ પસંદગીમાં માત્ર વ્યાવહારિક્તા કે સાથીઓની માગણીનો જ વિચાર નહોતો. સરદારની વ્યૂહરચનાની દષ્ટિએ પણ એમાં કામ કર્યું હતું. જલાલપોર તાલુકાના દાંડી ગામની પસંદગીને લીધે ગુજરાતના મુખ્ય મુખ્ય જિલ્લાઓ આવરી લેવાતા હતા અને ત્યાં સુધી પહોંચતાં સાડા ત્રણ અઠવાડિયાં જેવો ગાળો મળતો હતો. ચળવળનો વેગ વધારવા સારૂ પણ એટલા દિવસો જરૂરી હતા. લડત બ્રિટિશ સરકાર સામેની હતી. એટલે કાઠિયાવાડનાં રજવાડાંને પૂરાં અને ગાયકવાડના રાજને શક્ય તેટલા ટાળવામાં આવ્યાં હતા. દિવસે એક ગામમાં વિસામો કરીને રાતવાસ બીજા ગામમાં કરવામાં આવતો. રોજ કૂચ કરવાનું અંતર એટલું રાખવામાં આવ્યું હતું કે નવા કૂચ કરવારાઓ સારૂ એ અતિ ભારે ન થઈ પડે અને ટૂંકા અંતર અંગે ગાંધીજી જેવાને ફરિયાદ કરવાનીયે ના રહે ! ગાંધીજી જોકે માર્ગ નક્કી કરવાનું સરદારને સોંપીને નચિંત હતા. આખે રસ્તે કોઈ પણ પડાવ અંગે તેમણે કદી ફરિયાદ કરી નહોતી. ગાંધીજી જેમ બીજાઓ પાસે કામ લેવામાં શિસ્તના આગ્રહી હતા, તેમ પોતે પણ કોઈને નિર્ણય સોંપ્યા પછી એના સૂચન મુજબ ચુસ્તપણે વળગી રહેનાર શિસ્ત પાળનારા પણ હતા. કાયદાનો ભંગ ‘રાષ્ટ્રીય સપ્તાહ’ના પહેલે દિવસે, એટલે કે છઠ્ઠી એપ્રિલે થાય એ પણ કૂચના આયોજકોએ વિચારી લીધું. એક વાર ગાંધીજી કાયદાભંગ કરે, પછી આખો દેશ સવિનય ભંગની લડત ઉપાડી લે એમ વિચારાયું હતું. તેથી એનો આરંભ પણ દેશમાં આઝાદીની લડતમાં અહિંસાનું પરિમાણ જોડનાર રાષ્ટ્રીય સપ્તાહના પહેલા દિવસે થાય એ સૂચક હતું.

●

**Subject Code : SSM-3**

**વિષય : સામાન્ય અભ્યાસ (પ્રશ્નપત્ર-3)**

**કુલ ગુણ : 200** **સમય : 3 કલાક**

સૂચના : (1) પ્રશ્નક્રમાંક 1 થી 20.
(2) બધા જ 20 પ્રશ્નોના જવાબ લખવાના છે.
(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.
(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્ર.-1. ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીને પ્રાચિન ભારતીય ઈતિહાસમો એક મહત્ત્વના વળાંક તરીકે ગણવામાં આવે છે. - ચર્ચા કરો.

પ્ર.-2. ગુજરાતમાં સ્થાપત્ય ક્ષેત્રે સોલંકી અને વાઘેલા વંશના પ્રદાન વિશે વર્ણન કરો.

પ્ર.-3. સ્વતંત્રતા ચળવળમાં વિદેશમાં રહીને ભારતીય ક્રાન્તિકારીઓએ ભજવેલી ભૂમિકા બાબતે વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

પ્ર.-4. ગુજારતમાં ડાયરો માત્ર મનોરંજન પુરતું મર્યાદિત નથી પરંતુ તે ગુજરાતની લોકસંસ્કૃતિ અને મૌખિક પરંપરાઓને પણ જાળવી રાખવાનું કાર્ય કરે છે. - ચર્ચા કરો.

પ્ર.-5. ઈન્ડીયન નેશનલ થીએટર (INT)ના ગુજરાતી રંગભૂમિના વિકાસમાં પ્રદાન વિશે નોંધ લખો.

પ્ર.-6. નેશનલ રુર્બન મિશન (NRUM) કેવી રીતે ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તાર તરફના સ્થળાંતરની સમસ્યાને હલ કરી શકશે ? - ચર્ચા કરો.

પ્ર.-7. વિશ્વ આરોગ્ય સંસ્થાન (WHO) દ્વારા આયોજીત ‘‘ગ્લોબલ કોન્ફરન્સ ઓન હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેઈન્જ’’ની પૃષ્ઠભૂમિ સમજાવી આગામી નવેમ્બર-2021માં યોજાનારી કોન્ફરન્સના મુખ્ય હેતુઓ જણાવો.

પ્ર.-8. ગુજરાતની વૈવિધ્યસભર ભૌતિક લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

પ્ર.-9. ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણમાં સહકારી ક્ષેત્રની ભૂમિકાની ચર્ચા કરો.

પ્ર.-10. ભારતના સ્ટોક માર્કેટ (શૅર બજાર) ઉપર વિદેશી રોકાણની સારી તેમજ નરસી અસરોનું વિશ્લેષણ કરો.

પ્ર.-11. ગુજરાતની ઔદ્યોગિક નીતિ-2020માં મુખ્યત્વે સર્વાંગી અને સંતુલિત પ્રાદેશિક વિકાસ તેમજ રોજગારોની તકોનું સર્જન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. - ચર્ચા કરો.

પ્ર.-12. ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ISRO) ના ઈન્ડીયન રીજીઓનલ નેવીગેશન સેટેલાઈટ સીસ્ટમ (IRNNS) ‘‘નાવિક’’ - NAVIC નું મહત્વ અને ઉપયોગીતા જણાવો.

પ્ર.-13. વિજ્ઞાન અને ટેકનોલોજીના સુપરકમ્પ્યુટીંગ (Supercomputing) ક્ષેત્રે ભારતે સાધેલા વિકાસની ચર્ચા કરો.

પ્ર.-14. ઈલેક્ટ્રીક વાહનો અને પેટ્રોલ-ડીઝલથી ચાલતા વાહનો વચ્ચે વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને સરખામણી કરો.

પ્ર.-15. કારોબારીની વટહુકમ કરવાની સત્તા વ્યાજબી રીતે મર્યાદિત હોવી જરૂરી છે. - મૂલ્યાંકન કરો.

પ્ર.-16. રાજ્ય નાણાકીય આયોગો કેન્દ્રના નાણાકીય આયોગની જેમ કાર્ય કરી શકતા નથી. તેના કારણોની ચકાસણી કરો.

પ્ર.-17. જિલ્લા કલેક્ટરની ભૂમિકા કર વસુલાતથી બદલાઈને પરિવર્તન અને વિકાસના એજન્ટની થઈ છે. - ચર્ચા કરો.

પ્ર.-18. ધી ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્ટસી કોડ (સુધારા ખરડો) 2021 સર્વગ્રાહી ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયાને પ્રસ્તાવિત કરે છે. - ટીપ્પણી કરો.

પ્ર.-19. વિશ્વ ધરોહર સમિતિએ તાજેતરમાં વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં ભારતના બે સ્થળોનો ઉમેરો કર્યો. આ સ્થળોની વિશિષ્ટતાઓની ચર્ચા કરો.

પ્ર.-20. તાજેતરમાં શરૂ કરવામાં આવેલા e-RUPI ની વિશિષ્ટતાઓની ચર્ચા કરો.

●

**Subject Code : SSM-4**

**વિષય : લૉ (Law) (પ્રશ્નપત્ર-4)**

**કુલ ગુણ : 200** **સમય : 3 કલાક**

સૂચના : (1) પ્રશ્નક્રમાંક 1 થી 20.
(2) બધા જ 20 પ્રશ્નોના જવાબ લખવાના છે.
(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.
(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્ર.-1. ભારતીય દંડ સંહિતા, 1860 અન્વયે સાપરાધ મનુષ્યવધ કયા સંજોગોમાં ખૂનના ગુનામાં પરિવર્તિત થાય છે તે ઉદાહરણો સાથે સમજાવો.

પ્ર.-2. "દરેક લૂંટના ગુનામાં ચોરીનો ગુનો અથવા બળજબરીથી કઢાવી લેવાનો ગુનો (એક્ષ્ટોર્શન) સામેલ હોય છે." આ વિધાન ભારતીય દંડ સંહિતા, 1860 સમજાવો.

પ્ર.-3. "ભારતીય દંડ સંહિતા, 1860 અન્વયે ગેરકાયદેસર મંડળીના સભ્યો ક્યારે હુલ્લડના ગુના માટે જવાબદાર બને છે તે જણાવી ગેરકાયદેસર મંડળી અને હુલ્લડના ગુના વચ્ચેનો તફાવત આપો."

પ્ર.-4. ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 હેઠળ સહઆરોપીને માફી આપવાની જોગવાઈઓ સમજાવો.

પ્ર.-5. "વોરંટ ટ્રાયેબલ કેસની ઈન્સાફી કાર્યવાહીની પ્રક્રિયા" ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 હેઠળ સમજાવો.

પ્ર.-6. ફોજદારી કાર્યરિતિ સંહિતા, 1973 હેઠળ આરોપીને બિનજામીનપાત્ર ગુનાઓમાં જામીન પર મુક્ત કરવા અંગેના પ્રબંધોની સમજૂતી આપો.

પ્ર.-7. દીવાની કાર્યરીતિ સંહિતા, 1908 હેઠળ પૂર્વનિર્ણિતવાદનો સિધ્ધાંત વ્યાખ્યાન્વિત કરી સમજાવો.

પ્ર.-8. દીવાની કાર્યરીતિ સંહિતા, 1908 હેઠળ કામચલાઉ મનાઈહુકમ અને કાયમી મનાઈહુકમ અંગેની જોગવાઈઓની ચર્ચા કરો.

પ્ર.-9. દીવાની કાર્યરીતિ સંહિતા, 1908 અન્વયે પ્રતિ માંગણી અને સામો દાવો કોને કહેવાય ? તે સમજાવી બંને વચ્ચેનો તફાવત જણાવો.

પ્ર.-10. મિલકત તબદીલી અધિનિયમ, 1882 અન્વયે શાશ્વતતા વિરૂધ્ધના નિયમની ઉદાહરણો સહીત ચર્ચા કરો.

પ્ર.-11. મિલકત તબદીલી અધિનિયમ, 1882 અન્વયે પ્રસ્થાપિત હિત અને આકસ્મિક હિત વિષે સમજૂતી આપો.

પ્ર.-12. મિલકત તબદીલી અધિનિયમ, 1882 હેઠળ ગીરોના વિવિધ પ્રકારો વિશે ટૂંકમાં સમજૂતી આપો.

પ્ર.-13. "કાયદો એ શાસકનો આદેશ છે, જેને સજાનું પીઠબળ છે." ન્યાયવિદ ઓસ્ટીનની વિચારસરણી સમજાવી ઉપરોક્ત વિધાનની ચર્ચા કરો.

પ્ર.-14. સમજાવો : કાયદાના ઉદ્ભવસ્થાન તરીકે વિધિવિધાન અને પૂર્વનિર્ણય

પ્ર.-15. "અન્યાયી કાયદો એ કાયદો નથી." આ વિધાનની ચર્ચા કાયદા અને નૈતિકતા વચ્ચેનો સંબંધ સમજાવીને કરો.

પ્ર.-16. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947 હેઠળ "ઉદ્યોગ" અને "ઔદ્યોગિક વિવાદ"ની વ્યાખ્યા અને સમજૂતી યોગ્ય ઉદાહરણો આપી સમજાવો.

પ્ર.-17. ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ (સ્ટેન્ડિંગ ઓર્ડર્સ) એક્ટ, 1948 હેઠળ ખાતાકીય તપાસના વિવિધ તબક્કાઓ વિશે જણાવો.

પ્ર.-18. કારખાના અધિનિયમ, 1948 હેઠળ "કારખાના" તેમજ "ઉત્પાદન પ્રક્રિયા"ની વ્યાખ્યા આપી તેના વિશે સમજૂતી યોગ્ય ઉદાહરણ સાથે આપો.

પ્ર.-19. દીવાની દાવો ઘડવાના નિયમો તથા તેના માળખાની ટૂંકમાં સમજૂતી આપો.

પ્ર.-20. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ અરજીનો મેમો તૈયાર કરવા માટેનો મુસદ્દો અને તેના નિયમો કોઈપણ એક રીટ અરજીની સાપેક્ષમાં સંક્ષિપ્તમાં સમજાવો.

**Subject Code : SSM-5**

**વિષય : બંધારણ (Constitution) (પ્રશ્નપત્ર-5)**

**કુલ ગુણ : 200** **સમય : 3 કલાક**

**સૂચના : (1) પ્રશ્નક્રમાંક 1 થી 20.**
**(2) બધા જ 20 પ્રશ્નોના જવાબ લખવાના છે.**
**(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.**
**(4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.**

---

પ્ર.-1. ભારત સરકાર અધિનિયમ, 1935 ભારતમાં સંપૂર્ણપણે જવાબદાર સરકાર તરફ જવાનું સીમાચિન્હરૂપ બન્યું. - ચર્ચા કરો.

પ્ર.-2. ભારતના બંધારણમાં 'સ્વતંત્રતા'નો અર્થ આપણને જે ગમે તે કરવાનો 'પરવાનો' નથી પરંતુ તે મર્યાદાઓની સાથે ભોગવવાની હોય છે. - સમજાવો.

પ્ર.-3. કેન્દ્ર સરકાર કોઈ વ્યક્તિની ભારતના નાગરિક તરીકેની નોંધણી કરી શકે છે જો તે વ્કિતનો કેટલીક શ્રેણીઓમાં સમાવેશ થતો હોય. - આ શ્રેણીઓની ચર્ચા કરો.

પ્ર.-4. આશ્રયનો હક્ક (Right to Shelter) પણ મૂળભૂત હક્ક છે પરંતુ તેનો અર્થ એ નથી થતો કે તે સરકાર તરફથી આશ્રય મેળવવાનો હક્ક છે. - ચર્ચા કરો.

પ્ર.-5. સર્વોચ્ચ અદાલતે તેના વિવિધ ચૂકાદાઓમાં જુદા જુદાં તત્ત્વોને ભારતના બંધારણના મૂળભૂત માળખા તરીકે દર્શાવ્યા છે. આ તત્ત્વોની ચર્ચા કરો.

પ્ર.-6. રાષ્ટ્રીય કટોકટીની ઘોષણા રાજકીય વ્યવસ્થા પર અને ખાસ કરીને કેન્દ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો પર ગંભીર અને વ્યાપક અસર કરે છે. ટિપ્પણી કરો.

પ્ર.-7. કેબીનેટ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોનું, સંસદની અંદર તેમજ સંસદની બહાર, સમર્થન કરવું તે દરેક મંત્રીની ફરજ છે. - ચર્ચા કરો.

પ્ર.-8. સંસદે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951માં સંસદસભ્યો અને ધારાસભ્યોની કેટલીક ગેરલાયકાતોનો ઉમેરો કર્યો છે. - સમજાવો

પ્ર.-9. કાયદા અનુસાર અને બંધારણમાં દર્શાવેલા હેતુ માટે અને તે રીતે હોય તે સિવાય, ભારતના એકત્રિત ફંડમાંથી કોઈ નાણાંનો વિનિયોગ કરી શકાશે નહીં. - ચર્ચા કરો.

પ્ર.-10. સંસદસભ્યોના વ્યક્તિગત વિશેષાધિકાર ઉપરાંત સંસદ સામૂહિક વિશેષાધિકારો પણ ધરાવે છે. ખુલાસાવાર સમજાવો.

પ્ર.-11. સર્વોચ્ચ અદાલતની અપીલીય હકૂમત વિસ્તૃત છે. અપીલીય હકૂમત હેઠળ આવતી વિવિધ બાબતો સમજાવો.

પ્ર.-12. જાહેર હિતની અરજી માટે ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલાં સિધ્ધાંતોની ચર્ચા કરો.

પ્ર.-13. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની સ્થાપના કાનૂની સહાય કાર્યક્રમનું દેખરેખ-નિયંત્રણ અને મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવી છે. - ચર્ચા કરો.

પ્ર.-14. બીજા વહીવટી સુધારણા આયોગના જણાવ્યા મુજબ પંચાયતી રાજ સંસ્થાઓના આવકના સ્ત્રોતો કયાં છે ?

પ્ર.-15. માનવ અધિકાર સંરક્ષણ સુધારો અધિનિયમ, 2019એ વિદ્યમાન અધિનિયમમાં વિવિધ સુધારાઓ લાવ્યાં છે. - સમજાવો.

પ્ર.-16. ભારતમાં ભ્રષ્ટાચાર ઉપર અંકુશ માટે અને નાગરિકોના ફરિયાદ નિવારણ માટે કયાં કાયદાકીય અને સંસ્થાકીય માળખાઓ છે.

પ્ર.-17. ભારતનું બંધારણ ભાષાકીય લઘુમતીઓના હિતોના રક્ષણ માટે કેટલાક ખાસ માર્ગદર્શકો ધરાવે છે - તેની જોગવાઈઓની ચર્ચા કરો.

પ્ર.-18. ચૂંટણીઓ દરમ્યાન ભારતનું ચૂંટણીતંત્ર અગત્યની ભૂમિકા ભજવે છે. વિવિધ ચૂંટણી અધિકારીઓની ભૂમિકા સમજાવો.

પ્ર.-19. બંધારણની કાર્યરીતિ (Working of the Constitution) ની સમીક્ષા કરવા માટેના રાષ્ટ્રીય આયોગ દ્વારા કરવામાં આવેલી મુખ્ય ભલામણોની ચર્ચા કરો.

પ્ર.-20. ભારતના રાષ્ટ્રપતિના "વીટો પાવર" દૃષ્ટાંત સાથે સમજાવો.

●